# ગાંધીનગરના ગગનમાં ગાજ્યો હાથિયો

**વહેલી પરોઢે સતત દોઢ કલાક સુધી ગગનભેદી વિજકડાકાથી નાગરિકો ફફડયા : બે કલાકમાં અઢી ઇંચ વરસાદ વરસ્યો : વિજચમકારા સાથે આક્રમક વાદળ ગર્જના થતા નગરજનો ઉંઘમાંથી જાગી ગયા : બાળકો ભયભીત થયા : ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાનો ઉગ્ર મિજાજ**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં આજે વહેલી સવારે અચાનક જ મોસમનો મિજાજ બદલાયો હતો. વહેલી પરોઢે આકાશમાંથી વિજ ચમકારા સાથે ગગનભેદી વિજકડાકા થતા નાગરિકો ઉંઘમાંથી જાગી ગયા હતા. વાદળ ગર્જના સાથે ફરી એકવાર તોફાની વરસાદનુ આગમન થયુ હતુ. વિજળીના ચમકારા અને સુસવાટા મારતા ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. સતત પોણા બે કલાક સુધી ગાંધીનગરનુ ગગન ગાજયુ હતુ. ગાંધીનગરના ગગનમાં હાથીયો ગર્જતા શહેર આખાની વાદળ ગર્જનાએ ઉંઘ ઉડાડી દીધી હતી. દોઢ કલાક સુધી વરસાદ વરસતા અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના લીધે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સમગ્ર શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ. જયારે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. વિજકડાકા વચ્ચે સે-૭ ડી માં એક ખાનગી મકાનના ધાબે વિજળી પડી હતી જેના લીધે ધાબાની ઓરડીમાં તિરાડ પડી હતી. મકાનના ઈલેકટ્રીક ઉપકરણોને પણ નુકશાન પહોચ્યુ હતુ. અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા માર્ગો પર સવારે આડશ જોવા મળી હતી. જયારે સેકટરોમાં માટી પોલાણના લીધે ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળ્યા હતા. વહેલી પરોઢના વરસાદ બાદ દિવસ દરમિયાન સમગ્ર શહેરના જનજીવનમાં મોટી મસ સમસ્યાઓ આંખ સામે દ્રશ્યમાન થતી જોવા મળી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી સતત વાતાવરણ બદલાતુ રહે છે. વરસાદી વાયરા વચ્ચે ગરમી અદ્રશ્ય થઈ ગઈ છે. જો કે બફારો હજુ પણ વર્તાય છે. ત્યારે રોજબરોજ બદલાતા આકાશી નઝારા વચ્ચે રોજબરોજ વરસાદ ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે વેહલી સવારે ૩: ૩૦ વાગ્યના અરસામાં અચાનક જ આકાશમાં વાદળોની અવરજવર વચ્ચે મોસમનો મિજાજ બદલાયો હતો. ઠંડા પવનની લહેરકી વચ્ચે આકાશમાં વિજચમકારા થયા હતા. ત્યારબાદ વિજકડાકા સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. આકાશમાં સતત દોઢ કલાકા સુધી ભેદી વિજકડાકા થતા નાગરિકો ઉંઘમાંથી ઉભા થઈગયા હતા. નાના બાળકો પણ ગભરાઈને રડવા લાગ્યા હતા. ગગનભેદી વિજકડાકા સાથે વરસાદનુ જોર પણ વધુ હતુ. સુસવાટા મારતા પવન વચ્ચે સતત ગર્જના કરતા મેઘરાજાએ થોડી વાર માટે સૌ કોઈને ચિંતામાં મુકી દીધા હતા. સતત દોઢ કલાક સુધી ગાંધીનગરનુ ગગન ગાજયુ હતુ. વહેલી સવારથી સતત દોઢ બે કલાક સુધી ગગનભેદી વિજકડકાના અવાજ સાંભળીને નાગરિકો પણ ભયભીત થઈને વિચારમાં પડી ગયા હતા. વિજકડાકા વચ્ચે સે-૭ ડી માં પ્લોટ નં ૧૨૧૬ ના ધાબે સ્થિત ઓરડી પર વિજળી પડતા તેમાં તિરાડ પડી ગઈ હતી જયારે મકાનના ઈલેક્ટ્રીક ઉપકરણોને પણ નુકશાન થયુ હતુ.ગગનમાં હાથીયો ચઢતા વરસાદનુ જોર પણ વધુ રહ્યુ હતુ થોડીવારમાં જ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓને વરસાદી પાણીએ ઘમરોળી નાંખી

● અનુસંધાન પાન-૭ પર

## ૧૭મી સુધી જિલ્લામાં મધ્યમ વરસાદની સંભાવના

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૭મી જૂન સુધી સતત વરસાદ રહેશે તેવી આગાહી દાંતીવાડા યુનિ.ના કૃષિ હવામાન શાસ્ત્રના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૧માં જણાવાયુ છે. આ બુલેટીનમાં જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસ આકાશ વાદળછાયુ રહેશે અને મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

મહત્તમ તાપમાન આ પાંચ દિવસ દરમ્યાન ૩૬ થી ૩૮ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૧ થી ૭૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૫ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

પરિપક્વ પાકોની લણણીનું કાર્ય હાલ પુરતુ મોકુફ રાખવાની સલાહ પણ આ બુલેટીનમાં આપવામાં આવી છે.

માખી અને મચ્છરથી પશુધનને બચાવવા શેડમાં બાંધવા તેમજ તેમને રક્ષિત કરવામાં આવે તેવી પણ સલાહ આપવામાં આવી છે.

## સે. ૭-ડીમાં વીજળી પડતાં મકાનોમાં ભારે નુકશાન



ગાંધીનગર, તા. ૧૪

ગઈકાલે મોડી રાત્રે થયેલો વરસાદ અને તેની ગાજવીજે નગરજનોમાં ગભરાટ ફેલાવી દીધો હતો. એક તબક્કે તો નગરજનોના મોઢામાંથી શબ્દો સરી પડ્યા હતા કે આ તો મેઘરાજાની શાહી સવારી પાટનગર પરથી પસાર થઈ રહી છે.

તેની ગાજવીજ એટલી બધી હતી કે તેનાથી નાના ભૂલકાંઓ જ નહિ અબાલ વૃદ્ધ સૌ જાગી ગયા હતા.

બરાબર સાડા ત્રણથી ચારની વચ્ચે સે. ૭ માં જે કડાકાભેર વીજળી પડી હતી તેનાથી તો સે. ૭ જ નહિ પણ આસપાસના સેક્ટરોના વસાહતીઓ લગભગ ડઘાઈ ગયા હતા.

સે. ૭-ડીના પ્લોટ નં. ૧૨૫૬/૧ માં વીજળી પડી હતી અને મકાનનું છજુ તોડી નાખ્યુ હતુ એટલુ જ નહિ તેમાં તિરાડો પડી ગઈ હતી. આસપાસના એક-બે મકાનોમાં વીજ પ્રવાહનું ટ્રેપીંગ થયુ તો આ પ્લોટની આસપાસના પાંચથી ૭ મકાનોમાં ટી.વી., ફ્રીજ, સેટઅપ બોક્સ, પંખા સહિતના ઉપકરણો બળી જવા પામ્યા હતા.

જો કે આ વીજળી પડ્યાથી ભૌતિક નુકશાન થયુ છે પણ કોઈ જાનહાનિ થઈ નથી તેથી લોકોએ હાશકારો અનુભવ્યો છે.

સે. ૪ માં વૃક્ષો ધરાશયી થતાં ખાનગી વાહનો દબાઈ ગયાની હકીકતો પણ પ્રકાશમાં આવી છે.

નગરના વિવિધ માર્ગો પર પાણી ભરાઈ જવા પામ્યા હતા અને મનપાતંત્રનો કે જિલ્લાતંત્રનો ડિઝાસ્ટર પ્લાન પણ કાગળ પર જ રહી ગયો છે.

ગાંધીનગર શહેરમાં આ સિઝનનો વરસાદ પવન સાથે હતો. વાતાવરણમાં સવારે ઠંડક અને બપોરે બફારો વધી જવા પામ્યો હતો.

જો કે હજુ પણ આગામી પાંચ દિવસ સતત વરસાદ રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.



**ભારે પવન સાથે વરસાદ વરસતા સમગ્ર શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ : ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી : અનેક ઠેકાણે માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા : સે- ૭ ડી માં વિજળી પડતા ધાબાની ઓરડીની દિવાલમાં તિરાડ : ઇલેક્ટ્રીક ઉપકરણોને પણ નુકશાન : તોફાની વરસાદના લીધે જનજીવન પ્રભાવિત : સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઘેરાવ : સિઝનનો સવા પાંચ ઇંચ વરસાદ**

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ કેસ

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી ૧૯૭ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. આજે આ કેસો ગાંધીનગર અને કલોલ તાલુકામાંથી મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાંથી ચાર તો કલોલમાંથી ૪ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા સતત વધી રહી છે તેમ તેમ તંત્રની ચિંતામાં પણ વધારો થવા પામ્યો છે.

આજના આ ૮ કેસ સાથે સમગ્ર જિલ્લામાં કોરોનાના કેસો ૫૦૦ ની નજીક પહોંચવા આવ્યા છે. જિલ્લામાં ૨૭ દર્દીઓના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. જેમાં ૨૩ ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના ૪ દર્દીનો સમાવેશ થાય છે.

કોમ્યુનીટી ટ્રાન્સમિશન હજુ જિલ્લામાં નહિ થયાનુ તંત્ર આડકતરી રીતે કહી રહ્યુ છે અને લોકલ ટ્રાન્સમિશનથી જ કેસો વધી રહ્યા છે તેવુ તેનુ સ્પષ્ટ માનવુ છે. પરંતુ રોજેરોજ નવા વિસ્તારોમાંથી કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા છતી થાય છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે પેથાપુરમાં રહેતા અને મૂળ વાસણના વતની એક બાવન વર્ષીય પુરૂષનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે.

આ પુરૂષ દર્દી અમદાવાદ જતા-આવતા હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી અને આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

આ ઉપરાંત અગાઉ સંક્રમિત થયેલ પરિવારના જ એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના ભાટ ગામેથી પણ એક ખાનગી હોસ્પિટલમાં સ્વીપર તરીકે સેવા આપતા એક યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જેનો સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગલુદણ ગામેથી પણ એક ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક સામાજિક કારણોસર રાજસ્થાન જઈ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે અને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ તાલુકાના સઈજ ગામેથી સિક્યોરીટીમાં ફરજ બજાવતા એક ભાઈનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ સિક્યોરીટી એકલો જ વસાહતમાં તેના મકાનમાં રહેતો હોવાનું જાણવા મળેલ છે.

કલોલ અર્બન-૧

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થશે

**જિલ્લાના ૧૪ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : ધો -૧૦ અને વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ સામાન્ય પ્રવાહમાં પણ પરિણામની ટકાવારી ઘટશે તે અંગે વાલીઓમાં ચિંતા**

ગાંધીનગર તા ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાયેલા ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ સોમવારે સવારે ૮ કલાકે જાહેર કરાશે. જિલ્લામાંથી અંદાજિત ૧૪ હજાર જેટલા વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ સામાન્ય પ્રવાહનુ પણ આજે પરિણામ જાહેર થઈ જતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાશે. ગાંધીનગર જિલ્લામાંથી ૧૪ હજાર વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. સોમવારે બોર્ડની વેબસાઈટ પરથી સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે.ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો -૧૦ ના પરિણામ બાદ હવે વિજ્ઞાન પ્રવાહનુ પણ પરિણામ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજનાનો અંત આવી જશે. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી ૧૪ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નાયબ નિયામક ડો અવનીબા મોરીએ આ અંગે જણાંવ્યુ હતુ કે બોર્ડનુ પરિણામ સોમવારે જાહેર થયા બાદ ગુણપત્રકની જાહેરાત હવે પછી જાહેર કરાશે. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં થોડી ચિંતા પ્રવર્તી હતી. દર વર્ષ કરતા પરિણામ નીચુ આવતા શહેર અને જિલ્લામાંથી આવતા એ વન ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છ. જયારે હવે ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ પણ જાહેર થનાર છે. ત્યારે પરિણામ કેવુ હશે તે અંગેની વિચારણા કરતા વિદ્યાર્થીઓમાં પણ રીઝલ્ટની ઉત્તેજના પ્રબળ બની છે. દર વર્ષે ધો-૧૦ના પરિણામ બાદ સામાન્ય પ્રવાહનુ પરિણામ આવતુ હોય છે. પરંતુ આ વખતે સામાન્ય પ્રવાહનુ પરિણામ છેલ્લે જાહેર થશે. સામાન્ય પ્રવાહના પરિણામના અંતે બોર્ડ પરીક્ષાના રીઝલ્ટની ઈન્તેજારીનો અંત આવશે.

## એક સપ્તાહ વહેલા ચોમાસાના આગમનથી ખેડૂતોના હૈયે હરખની હેલી...

**ખરીફ વાવેતર ૨૦ હજાર હેક્ટરમાં સંપન્ન થયુ : પાક પેટર્નમાં બદલાવ જોવા મળશે સારા અને સમયસરના ચોમાસાથી**



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં એક સપ્તાહ સામાન્ય કરતાં વહેલુ ચોમાસાનું આગમન સોળ આની વર્ષના સંકેતો આપનારૂ રહેશે તેવુ જિલ્લાના ખેડૂતોનું માનવુ છે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો છે અને પ્રારંભે જ સરેરાશ બે ઈંચ વરસાદ થતાં ખેડૂતોના હૈયે હરખની હેલી ચઢી છે. ખેડૂતો દ્વારા ખરીફ વાવણીને વેગીલી બનાવી દેવામાં આવી છે.

બીજી તરફ દાંતીવાડા કૃષિ યુનિ.ના કૃષિ હવામાન પૂર્વાનુમાન અને કૃષિ બુલેટીનમાં પણ આગામી સપ્તાહ વરસાદ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે.

ચોમાસાના વિધિવત આગમન પહેલાં જ પાક પેટર્નમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com